# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા : ૧૫/૭/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ગુજરાતના દરેક ચેમ્બર ઓફ કોમર્સની યુથ વીંગની સંયુકત મિટીંગ મળી, વ્યાપાર–ઉદ્યોગના વિકાસ માટે સંકલન સાધી કામગીરી કરાશે

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા ગુજરાતની દરેક ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની યુથ વીંગની સંયુકત મિટીંગ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી ગતરોજ મળી હતી. જેમાં દરેક યુથ વીંગ દ્વારા પોતપોતાની ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા છેલ્લા છ મહિના દરમ્યાન કરવામાં આવેલી પ્રવૃત્તિઓની તેમજ આગામી કાર્યક્રમોની માહિતી આપી હતી.

ગુજરાતની જે ચેમ્બર ઓફ કોમર્સમાં યુથ વીંગ નથી ત્યાં યુથ વીંગ ઉભી કરવા માટે અન્ય ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા મેન્ટરીંગ કરવામાં આવશે તે અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ગુજરાતમાં વ્યાપાર – ઉદ્યોગને લગતી વિવિધ સમસ્યાઓની દરેક ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સંયુકતપણે રજૂઆત કરવામાં આવે તે અંગે પણ ચર્ચા કરાઇ હતી. આગામી દિવસોમાં તમામ ચેમ્બરની યુથ વીંગ દ્વારા સંયુકતપણે મોટા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમોમાં નવી પેઢીના ઉદ્યોગકારો અને વેપારી મિત્રોને આમંત્રિત કરવાનું પણ આયોજન હાથ ધરવામાં આવશે.

આ મિટીંગમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ગ્રૃપ ચેરમેન કમલેશ ગજેરા અને યુથ વીંગ કમિટીના સભ્ય રિકીન વ્યાસ જોડાયા હતા. કમલેશ ગજેરાએ ચેમ્બર દ્વારા હાલમાં જ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને તબીબોને સન્માનિત કરવા માટે યોજાયેલા એવોર્ડ ફંકશન અને મેમ્બર્સ બેનીફીટ પ્રોગ્રામની માહિતી આપી હતી. ચેમ્બરના સભ્યોને કયા – કયા લાભો મળી શકે તે દિશામાં પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના (જી.સી.સી.આઇ.)ના સભ્યોને ત્વરિત બેંક લોન માટે પ્રાથમિકતા આપવામાં આવે

છે તે રીતે એસજીસીસીઆઇના સભ્યોને પણ ત્વરિત બેંક લોક મળે તે માટે જીસીસીઆઇ દ્વારા એસજીસીસીઆઇને મદદ કરવામાં આવશે તે વિશે પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

આગામી તા. ૨૭ જુલાઇ ૨૦૨૧ના રોજ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી ખાતે દરેક ચેમ્બરની યુથ વીંગ એકત્રિત થશે અને વ્યાપાર – ઉદ્યોગના વિકાસ માટે એકબીજા સાથે સંકલન સાધીને કઇ – કઇ કામગીરી કરી શકાય તે દિશામાં મહત્વની ચર્ચા કરવામાં આવશે.